# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – બોટાદ

એ. વીંગ, બીજો માળ,જિલ્લા સેવા સદન, ખસ રોડ, બોટાદ

ફોન નં. ૦૨૮૪૯ ૨૭૧૩૨૭

Email : botaddeo@gmail.com


ક્રમાંક: માધ્ય/પ્ર.યો.સ.પ્ર./૨૦૨૨/ ૧૨૦૩-૧૨૫૮ તા. ૮/૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.બોટાદ.

<u>વિષય:-</u> **અન્ય બોર્ડ અથવા રાજ્યમાંથી ધોરણ-૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓના પ્રવેશ યોગ્યતા સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા બાબત.**

સંદર્ભ:- (૧) ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૫૯૮૮થી ૬૦૨૧, તા.૧૩/૧/૨૦૧૬

(૨) ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૧૮, તા.૦૪/૦૪/૨૦૧૭

(૩) ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૪૪૫-૮૫, તા.૦૧/૦૬/૨૦૨૦

(૪) ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૪૨૬-૬૬, તા.૦૧/૦૭/૨૦૨૧

(૫) ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૨૧૮-૫૪, તા.૦૩/૦૯/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે, અન્ય બોર્ડ/રાજ્ય બહાર/વિદેશની શાળામાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓને "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1. ધોરણ-૮ પાસ અથવા ધોરણ-૯ પાસ વિદ્યાર્થી અન્ય બોર્ડ/ રાજ્ય બહારની શાળામાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીને શાળા દ્વારા " ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪" ના પ્રકરણ-૫ના વિનિયમ ૧૨ના મુદ્દા નંબર (૯)ની જોગવાઈઓનું પાલન થતુ હોય તો શાળા દ્વારા પ્રવેશ આપી શકશે.

2. <u>**ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ વિદ્યાર્થી અન્ય બોર્ડ/ રાજ્ય બહારની શાળામાંથી ધોરણ-૧૧માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ મેળવવા માટેની સુચનાઓ :-**</u>

   1) સંદર્ભ-૪ પરીપત્ર મુજબ બોર્ડ દ્વારા માન્ય કરેલ **<u>૬૫ બોર્ડની યાદી</u>** પૈકીના કોઈ અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડમાં નોંધાયેલ શાળામાં ધોરણ-૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ **<u>ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તો જ</u>** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં **<u>ધોરણ-૧૧માં કામચલાઉ પ્રવેશ</u>** આપવાનો રહેશે.

   2) શાળાએ ધોરણ-૧૧માં વિદ્યાર્થીને **<u>કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ,</u>** તેના ગુણપત્રકની ખરાઈ સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટીમાંથી અને ટ્રાન્સફર સર્ટીફિકેટ **<u>અથવા</u>** એલ.સી. ખરાઈ સંલગ્ન શાળામાંથી કરાવીને, ઉક્ત વિગતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજુ કરીને **<u>જિ.શિ.અ. કચેરીમાંથી "પ્રવેશ યોગ્યતા સમકક્ષતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ જ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.</u>** જેની ખાસ નોંધ લેવી.

   3) **ગુણપત્રક, ટ્રાન્સફર સર્ટીફિકેટ <u>અથવા</u> એલ.સી. વગેરે પ્રમાણપત્રોની ખરાઈ બાબતે જે કોઇ પણ કાયદાકીય કે અન્ય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે બાબતની સંપુર્ણ અંગત જવાબદારી શાળાની રહેશે.જેની ખાસ નોંધ લેશો.**

   4) શાળાના આચાર્યશ્રીએ અન્ય બોર્ડ અથવા રાજ્યમાંથી આવેલ વિદ્યાર્થીઓના ગુજરાત બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી મેળવેલ **<u>"પ્રવેશ યોગ્યતા સમકક્ષતા પ્રમાણપત્ર"</u>** સ્કેન કરી અપલોડ કરવાનું રહેશે.

   5) ધોરણ-૧૨માં ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા વિદ્યાર્થીઓએ પણ માન્ય કરેલ **<u>૬૫ બોર્ડની યાદી</u>** માંથીમાંથી ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ

<u>"પ્રવેશ યોગ્યતા સમકક્ષતા પ્રમાણપત્ર"</u> જિ.શિ.અ. કચેરીમાંથી નિયમિત પરીક્ષાર્થીમાં કરવાની થતી કાર્યવાહી મુજબ મેળવવાનું રહેશે.

6) **જિ.શિ.અ. કચેરીમાંથી <u>"પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર"</u> મેળવવા માટે નીચે મુજબના આધારો સાથે શાળા દ્વારા અરજી કરવાની રહેશે.**

(૧) જે શાળામાં પ્રવેશ મેળવવો હોય તે શાળાનો ફોર્વર્ડીંગ
(૨) નિયત નમુનામાં અરજીપત્રક (નમુનો આ સાથે સામેલ છે.)
(૩) ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ હોય તે ગુણપત્રકની પ્રમાણિત નકલ
(૪) સંલગ્ન બોર્ડ/ યુનિવર્સિટીમાંથી ગુણ પત્રક ખરાઇ કરાવ્યાની પ્રમાણિત નકલ
(૫) વિદ્યાર્થીનું ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી.ની પ્રમાણિત નકલ
(૬) શાળા/કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી. ખરાઇ કરાવ્યાની પ્રમાણિત નકલ
(૭) વિદ્યાર્થીના માઇગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
(૮) પ્રોવિઝનલ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ
(૯) ટ્રાયલ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ
(૧૦) **<u>આચાર્યશ્રીનું પ્રમાણપત્ર</u> "ઉક્ત પ્રમાણપત્રો શાળા દ્વારા સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટી/શાળા/કોલેજ માંથી ખરાઈ કરાવેલ છે, જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે."**

3. **<u>ધોરણ-૧૧ પાસ વિજ્ઞાન પ્રવાહ CBSE/અન્ય બોર્ડ પૈકીના વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડની માન્ય શાળામાં ધોરણ-૧૨ વિજ્ઞાન/સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવા માટેની સુચનાઓ:-</u>**

1) માન્ય ૬૫ બોર્ડમાંથી આવતા ધોરણ-૧૧ પાસ વિજ્ઞાન પ્રવાહ CBSE/અન્ય બોર્ડ પૈકીના વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડની માન્ય શાળામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવા માટે ઉપરોક્ત પેરા નંબર (૨)ની સુચનાઓ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

2) **જિ.શિ.અ. કચેરીમાંથી <u>"પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર"</u> મેળવવા માટે નીચે મુજબના આધારો સાથે શાળા દ્વારા અરજી કરવાની રહેશે.**

(૧) જે શાળામાં પ્રવેશ મેળવવો હોય તે શાળાનો ફોર્વર્ડીંગ
(૨) નિયત નમુનામાં અરજીપત્રક (નમુનો આ સાથે સામેલ છે.)
(૩) ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા પાસ હોય તે ગુણપત્રકની પ્રમાણિત નકલ
(૪) શાળા/કોલેજમાંથી ગુણ પત્રક ખરાઇ કરાવ્યાની પ્રમાણિત નકલ
(૫) વિદ્યાર્થીનું ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી.ની પ્રમાણિત નકલ
(૬) શાળા/કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી. ખરાઇ કરાવ્યાની પ્રમાણિત નકલ
(૭) વિદ્યાર્થીના માઇગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
(૮) પ્રોવિઝનલ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ
(૯) ટ્રાયલ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ
(૧૦) આચાર્યશ્રીનું પ્રમાણપત્ર " અસલ પ્રમાણપત્રોની ખરાઈ કરેલ છે"

<u>ખાસ નોંધ:-</u>

માન્ય કરેલ <u>૬૫ બોર્ડની યાદી</u> સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

આ સાથેની માન્ય કરેલ <u>૬૫ બોર્ડની યાદી</u> સિવાયના બોર્ડ/યુનિ. સંસ્થામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડના <u>પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર</u> સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી.

4. **<u>વિદેશમાં અભ્યાસ કરી ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨માં પ્રવેશ મેળવવા બાબત. :-</u>**

તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવે છે કે વિદેશથી અભ્યાસ કરી ધોરણ-૯,૧૦,૧૧ અને ધોરણ-૧૨માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ **<u>દિલ્હીથી સમકક્ષ પ્રમાણપત્ર</u>** મેળવવી **<u>બોર્ડની કચેરીએ રજુ કરી</u>** **<u>"પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર"</u>** મળ્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે. **<u>શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.</u>**

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – બોટાદ

એ. વીંગ, બીજો માળ,જિલ્લા સેવા સદન, ખસ રોડ, બોટાદ

ફોન નં. ૦૨૮૪૯ ૨૭૧૩૨૭

Email : botaddeo@gmail.com

વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડે તે માટે શાળાએ કામચલાઉ પ્રવેશ આપી **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સંશોધન શાખામાં**

૧. દિલ્હીથી મેળવેલ A.I.U. સમકક્ષતા પ્રમાણપત્રની નકલ

૨. ગુણપત્રકની પ્રમાણિત નકલ

૩. એલસી.(L.C.)/ટ્રાન્સફર સર્ટીફિકેટ (T.C)ની પ્રમાણિત નકલ

૪. માઈગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ

૫. પાસબોર્ડ/વિઝાના આધારો તેમજ રેસીડન્ટ પરમીટની પ્રમાણિત નકલ સાથેની અરજી અને નક્કી કરેલ ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે શાળા મારફત મોકલી બોર્ડની કચેરીએથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવી જે તે શાળામાં રજૂ કરવાનું રહેશે.

**A.I.U. દ્વારા "EQUIVALENCE CERTIFICATE" મેળવવાનું સરનામું :-**

**ASSOCIATION OF INDIAN UNIVERSITIES**
**AIU HOUSE,16,COMARADE INDRAJIT GUPTA MARG, NEW DELHI-110 002**
**EPAX:- 91-011 23230059 (6 LINES)/FAX:- 91-011-23232131**
**http://www.aouweb.org Email :- evaluation@aiuweb.org**

(ધારા પટેલ)
I/C જિલ્લા શિક્ષણાધિકારી
બોટાદ

બિડાણ:- (૧) સંદર્ભ -૧ થી ૫
(૨) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડમાં નોંધાયેલ શાળામાં પ્રવેશ માટે મંજુર કરાયેલ સમકક્ષ ૬૫ બોર્ડની યાદી
(૩) નિયત નમુનામાં અરજીપત્રક